ગુજરાતમાં નિર્દોષ પશુઓના ગેરકાયદેસર ચાલતાં કતલખાના પર પ્રતિબંધ લાગશે?

ડીસાના અરજદારે હાઇકોર્ટમાં પી.આઇ.એલ. દાખલ કરતાં કાર્યવાહી શરૂ

ડીસા, તા.૩૦

બનાસકાંઠા સહીત સમગ્ર ગુજરાતમાં બે પાંચ નહીં પરંતુ હજારો ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યા છે. જેમાં રોજબરોજ અનેક નિર્દોષ પશુઓની કત્લેઆમ થાય છે. જે મામલે ડીસાના જાગૃત નાગરિક અને જાણીતા વકીલ ધર્મેન્દ્ર ફોફાણીએ ગેરકાયદેસર ચાલતાં કતલખાનાઓ બંધ કરાવવા માટે ઝૂંબેશ શરૂ કરી છે. જેમાં સૌપ્રથમ તેમણે કતલખાનાઓની માહિતી એકત્ર કરી સ્થાનિક કક્ષાએ લેખિત રજૂઆતો કરી હતી. ત્યારબાદ તેમણે ૨૦૧૮ માં મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. તેમ છતાં પણ ગેરકાયદેસર કતલખાના સંચાલકો સામે કોઈ જ કાર્યવાહી ન થતાં આખરે તેમણે હાઈકોર્ટમાં પી.આઈ.એલ. દાખલ કરતાં આ મામલે હવે કાર્યવાહી શરૂ થઈ છે.

આ અંગે અરજદારે જણાવ્યું હતું કે, 'સુપ્રિમ કોર્ટે ૨૦૧૨ માં સ્ટેટ કમિટી ફોર સ્લોટર હાઉસની રચના કરી હતી અને તે કમિટીની ગાઈડ લાઈન પ્રમાણે કતલખાનાઓ ચલાવવા માટે લાયસન્સ આપવાના હતા. પરંતુ આ કમિટી અને તેને સંલગ્ન ફૂડ સેફ્ટી ડીપાર્ટમેન્ટ, પોલીસ વિભાગ, પોલ્યુશન વિભાગ અને ટ્રાન્સપોર્ટેશન વિભાગ દ્વારા ગેરકાયદેસર કતલખાના મામલે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. જેથી ફરિયાદ બાદ હાઈકોર્ટે આ મામલે સરકારી તંત્ર પાસે કમિટીએ અત્યાર સુધી કરેલી કામગીરીની વિગતો મંગાવી છે. પરંતુ તે વિગતો પણ વિશ્વસનીય ન લાગતાં હવે જીલ્લા કક્ષાએ જ્યુડીશિયલ વિભાગ મારફતે આ તમામ માહિતી એકત્ર કરી આપવા જણાવ્યું છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી આંકડા મુજબ અત્યારે ગુજરાતમાં માત્ર ૮ જ કતલખાનાઓ કાયદેસર છે. જેમાં એક કતલખાનું અત્યારે સીલ થયેલું છે. બાકીના ૩ કતલખાના પાસે ફૂડ સેફ્ટીના લાયસન્સ નથી. એટલે માત્ર ૪ કતલખાનાઓ જ કાયદેસર કહી શકાય. તેમ છતાં ગુજરાતમાં હજારો નહીં પરંતુ લાખો કતલખાનાઓમાં રોજ નિર્દોષ પશુ-પક્ષીઓની ખુલ્લેઆમ હત્યા થઈ રહી છે. જેથી અરજદારે આ કતલખાનાઓ કોની રહેમ નજર હેઠળ ચાલે છે? તેવો સવાલ કરી તમામ કસૂરવાર અધિકારીઓ અને વિભાગ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અરવલ્લી : ભાજપની સેન્સ પ્રક્રિયામાં ભિલોડા બેઠક પર ૧૨ નેતાઓએ દાવેદારી નોંધાવી

કેવલ જોષીયારા, નીલાબેન મોડિયા પ્રબળ દાવેદાર

મોડાસા, તા. ૩૦

ભારતીય જનતા પક્ષ દ્વારા આગામી વિધસનસભા ચૂંટણીના ઉમેદવારો નક્કી કરવાના ભાગરૂપે દરેક જિલ્લામાં નિરીક્ષકો મોકલીને સેન્સ પ્રક્રિયા હાથ ધરી છે અરવલ્લી જીલ્લામાં પ્રદેશ નિરીક્ષક વિભારવીબેન દવે,દિલીપસિંહ ઠાકોર અને પરાક્રમસિંહ જાડેજાએ છેલ્લા બે દિવસથી ધામા નાખ્યા છે ભિલોડા બેઠક માટેની સેન્સ પ્રક્રિયામાં ૧૨ ટિકિટવાંચ્છુઓએ દાવેદારી નોંધાવી છે કોંગ્રેસના ગઢને તોડવા માટે સ્વ.ર્ડો અનિલ જોષીયારાના પુત્ર કેવલ જોષીયારાને ભાજપે ખેસ પહેરાવી આવકાર્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું કેવલ જોષીયારા ભાજપમાં જોડાયા પછી પિતાના પગલે ભિલોડા-મેઘરજ પંથકમાં લોક ચાહના મેળવી છે કેવલ જોષીયારાના સરળ અને નિખાલસ સ્વભાવ યુવા વર્ગમાં દબદબો ઉભો કરવામાં સફળ રહ્યા છે નીલાબેન મોડિયા પણ સક્ષમ ઉમેદવાર બની ઉભરી શકે છે.ભિલોડા બેઠક કોંગ્રેસનો દબદબો છે ભિલોડા બેઠક પર ૧૯૯૫ થી દરેક વિધાનસભાની ચૂંટણીમાં આદિવાસી સહીત સર્વ સમાજના લોકપ્રિય સ્વ.ર્ડો.અનિલ જોષીયારા જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરી હતી ભારે લોકચાહના ધરાવતા સ્વ.ર્ડો.અનીલ જોષીયારા જમીની સ્તરના નેતા હોવાથી પક્ષ કરતા વ્યક્તિગ સ્વભાવના લીધે વિજય પ્રાપ્ત કરતા હતા તેમના પુત્ર કેવલ જોષીયારા પણ ટૂંક સમયમાં ભિલોડા-મેઘરજ તાલુકામાં આગવી ઓળખ ઉભી કરવામાં સફળ રહ્યા છે ભાજપ કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત કરવા કેવલ જોષીયારાને ટિકિટ અપાશે તો જંગ આસાન રહેશે તેવું રાજકીય વિશ્લેષકોએ જણાવ્યું હતું

ભિલોડા બેઠક પર નીલા બેન મોડીયા પણ સક્ષમ ઉમેદવાર તરીકે ઉભરી રહ્યા છે ગત વિધાનસભાની ચૂંટણીમાં હારનો સામનો કરનાર પૂર્વ આઈપીએસ પી.સી.બરંડા તેમજ જીલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુ મનાત અને રાજુભાઈ નિનામાએ ટિકિટની માંગણી કરતા નિરીક્ષકો માટે ભિલોડા બેઠક પર ઉમેદવારની પસંદગી લોઢાના ચણા ચાવવા સમાન બની રહે તો નવાઈ નહીં.

થરાદ-ડીસા હાઈવે પર વડાપ્રધાનના બંદોબસ્તમાં જતી પોલીસની ખાનગી ગાડીને અકસ્માત

૨ લોકોના મોત

ડીસા, તા.૩૦

થરાદ-ડીસા હાઈવે પર શનિવારે વડાપ્રધાનના બંદોબસ્તમાં જતી પોલીસની ખાનગી ગાડી અને

ઈક્કો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈક્કોમાં સવાર ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. જ્યારે પોલીસની ખાનગી ગાડીમાં સવાર મહીલા પોલીસ કર્મી ઈજાગ્રસ્ત થઈ છે.

આ અંગેની વિગત એવી છે કે, બનાસકાંઠા જીલ્લામાં અકસ્માતોનો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે. થરાદમાં વડાપ્રધાનના કાર્યક્રમના બંદોબસ્તમાં જતાં પોલીસ કર્મચારીઓ ખાનગી ગાડીમાં ડીસા-થરાદ હાઈવે પરથી જઈ રહ્યા હતા. ત્યારે ઈક્કો ગાડી સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થયા હતા. લોકો દ્વારા અકસ્માતમાં ઘાયલ વ્યક્તિઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયા હતા. જેમાં ઈક્કોમાં સવાર ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.જ્યારે એક મહિલા પોલીસ ઘવાઈ હતી.

દોલપુર ગામના પુષ્પાબેન પટેલને રાજ્ય સરકાર તરફથી પ્રશસ્તિપત્ર એનાયત

ધનસુરા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના ધનસુરા ના દોલપુર ગામ ના પુષ્પાબેન પટેલ ને રાજ્ય સરકાર તરફથી પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તરફથી પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. પટેલ પુષ્પાબેન જયંતિભાઈ ને સ્વરોજગાર કરતા દિવ્યાંગ (ઓર્થો) કેટેગરીમાં કાર્યકુશળતા દાખવવા બદલ રાજ્ય સરકાર તરફથી પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.આ એવોર્ડ વિધાનસભા ના અધ્યક્ષ અને મંત્રી બ્રિજેશ મેરજા ના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં જીલ્લા રોજગાર અધિકારી લુહારીયા સાહેબ શ્રી તથા રબારી સાહેબ શ્રી તથા ધારાબહેન પંડ્યા શ્રી રોજગાર કચેરી અરવલ્લી તથા અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ બુટાલ ના માનદ મંત્રી શ્રી વિનોદચંદ્ર.બી.પટેલ વગેરે હાજર રહ્યા હતા. સહુએ એવોર્ડ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

દારૂની બોટલો ભરેલી કારે જીપને ટક્કર મારી

કારમાં પોલીસકર્મી અને તેના મિત્રો હોવાની ચર્ચા, નશામાં ચકનાચૂર કે પછી દારૂની ખેપની..!!

મોડાસા તા.૩૦

થર્ટી ફર્સ્ટ હોય કે નૂતન વર્ષાભિનંદન દારૂ પીવાના રસિયાઓ ગમે તે બહાનું બનાવી જામ છલકાવી છાકટા બને છે તહેવાર ટાણે રાજસ્થાનમાં દારૂની મહેફીલ માણી પરત ગુજરાતમાં ફરતા નશેડીઓ નશામય હાલતમાં વાહનો હંકારી નિર્દોષ વાહન ચાલકો અને રાહદારીઓને અડફેટે લઈ અકસ્માત સર્જી ભોગ લઈ રહ્યા છે મોડાસાના ટીંટોઈ નજીક બેફામ કાર હંકારી ટેમ્પો ટ્રાવેલર ગાડીને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતનો ભોગ બનેલ જીપમાં સવાર મહિલાએ કાર ચાલક સહીત ૪ યુવકો નશાની હાલતમાં હોવાનું અને કારમાં દારૂની બોટલો પડી હોવાનું જણાવ્યું હતું. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ઈજાગ્રસ્ત યુવક પોલીસ હોવાનો રોફ જમાવતા અને અન્ય પોલીસકર્મીઓ ખાનગી ડ્રેસમાં બચાવ માટે દોડી આવ્યા હતા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા-શામળાજી હાઈવે પર ટીંટોઈ ફૂટા પાસે અલ્ટો કારે રોંગ સાઈડ ધસી જઈ ટેમ્પો ટ્રાવેલર જીપને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં કાર ચાલક સહીત ૪ યુવકો નશામાં ચકનાચૂર હોય તેવું વર્તન કરતા લોકોમાં ભારે રોષ છવાયો હતો અકસ્માતના ઘટનાસ્થળ ના વિડીયો સ્થાનીક યુવકોએ સોશ્યલ મીડિયા મારફતે પોલીસ અધિકારી ને મોકલી આપતાં પોલીસ દોડતી થઈ હતીમહીસાગર જીલ્લાના કડાણા પંથકનો પરિવાર નવા વર્ષમાં માં અંબાના દર્શનાર્થે ટેમ્પો ટ્રાવેલર જીપ લઈને અંબાજી તરફ જઈ રહ્યો હતો ટેમ્પો ટ્રાવેલર ટીંટોઈ

નજીકથી પસાર થતા રોંગ સાઈડ બેફામ ગતિએ અલ્ટો હંકારનાર ચાલકે ધડાકાભેર ટક્કર મારતા ભારે અફડાતફડી મચી હતી ટેમ્પો ટ્રાવેલરમાં સવાર ૪ મુસાફરો ઈજાગ્રસ્ત થતા ખાનગી વાહન મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા જેમાં એક વૃદ્ધા ગંભીર ઈજાગ્રસ્ત હોવાનું તેમના પરિવારજનોએ જણાવ્યું હતુંરોંગ સાઈડમાં બેદરકારીથી વાહન ચલાવનાર નશાખોર કાર ચાલક અને કારમાં મુસાફરી કરનાર ચાર જેટલા યુવકો કાર મૂકીને ફરાર થઈ ગયા હતા. કારમાંથી દારૂની બોટલો મળી આવી તેથી કહી શકાય કે ફરાર થઈ જનાર ૪ જેટલા લોકો નશામાં હશે. આમ, ગુજરાતમાં દારૂબંધી વચ્ચે પણ દારૂ મળે છે એ પુરવાર થાય છે.

ભિલોડા તાલુકા ભાજપ સંગઠન દ્વારા સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસના હોલમાં ભિલોડા ભાજપ સંગઠન ધ્વારા નવિન વર્ષ નિમિત્તે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, ઉપ પ્રમુખ મનોજભાઈ પટેલ,રાજેશભાઈ નિનામા, યોગેશભાઈ બુદ્ધ, અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય નીલાબેન હસમુખભાઈ મડીયા, રસીકાબેન કિરીટભાઈ ખરાડી, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાન્તીભાઈ પટેલ, મહામંત્રી ભવાનભાઈ ઠાકોર, નાનજીભાઈ કલાસવા,

ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબિયાર, પુર્વ પ્રમુખ અમૃતભાઈ બરંડા, ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગરભાઈ ત્રિવેદી, સાવનભાઈ ખાંટ, જીતુસિંહ રાઠોડ, ચેતનસિંહ કચ્છાવા, રસીકભાઈ લખવારા, પ્રકાશભાઈ ખરાડી, નરેન્દ્રભાઈ ભાટીયા,જશુભાઈ પંડયા, જીલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો,વેપારીઓ રાજકીય,સહકારી અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ સંગઠનના હોદ્દેદારોએ એક-બીજાને નવા વર્ષ નિમિત્તે ખભે ખભો મિલાવી દિવાળીનો તહેવાર અને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા. આગામી વિધાનસભાની ચુંટણી દરમિયાન ભાજપનો ઉમેદવાર કોઈ પણ હોય પરંતુ એકજૂથ થઈને કમળ ખિલવવા કાર્યકરોએ મજબુત સંકલ્પ કર્યો હતો.

ભિલોડા તાલુકાના ચોરીમાલા ગામની મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ચોરીમાલા ગામની મહિલાને તેઓના ઘરે છાતીમાં દુખાવો તેમજ ગભરામણ અનુભવતા પ્રાથમિક સારવાર અર્થે ચોરીમાલા સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર મેડિકલ ઓફિસર પાસે મેળવી વધુ સારવાર અર્થે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં મહિલાને ખસેડાયા હતા.ચોરીમાલા ગામના શર્મીલાબેન ફતેસિંહ સોલંકી (ઉંમર-વર્ષ-૫૧) મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.મેડિકલ ઓફિસરે મૃતદેહનો પી.એમ કરીને મૃતદેહ પરિવારજનો ને સોંપતા પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.ચોરીમાલા ગામના ફતેસિંહ વાલજીભાઈ સોલંકીએ આ બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે સી.આર.પી.સી કલમ-૧૭૪ મુજબ એ.ડી. નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ધાનેરામાં વેપારીના રૂપિયા ૩.૨૫ લાખની ચોરી કરનાર ઝડપી લેવાયો

ધાનેરા તા.૩૦

ધાનેરામાં વેપારી દુકાનના શટરને તાળુ મારતા હતા. ત્યારે બાજુમાં પડેલી રૂપિયા ૩.૨૫ લાખ ભરેલી બેગ લઈ એક શખ્સ નાસી છુટ્યો હતો. વેપારીએ તેનો પીછો કરતાં કારમાં બેસી ફરાર થઈ ગયો હતો. જોકે, વેપારી બંને શખ્સોને ઓળખી ગયા હતા. આ અંગે ધાનેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે એકને ઝડપી લઈ રકમ રિકરવર કરી હતી. ધાનેરાના સલીમભાઈ સીદીકભાઈ મેમણને ઓટોપાર્ટસની દુકાન છે. તેઓ શનિવારે સાંજે રૂપિયા ૩,૨૫,૦૦૦ની રકમ બેગમાં ભરી ઓટલા ઉપર મુકી દુકાનનું શટર વાખી રહ્યા હતા. ત્યારે મોઢે બુકાની બાંધીને આવેલો શખ્સ બેગ લઈને નાસી ગયો હતો. જેનો પીછો કરતાં તે કાર નં. જીજે. ૧૭. બીએ. ૬૯૯૬માં બેસીને ફરાર થઈ ગયો હતો. જોકે, સલીમભાઈ કાર ચાલક ધાનેરાના હિંમતભાઈ રસીકલાલ મોચી અને બેગ લેનાર ખીંમતના વિપુલનાથ કૈલાસનાથ ગૌસ્વામીને ઓળખી ગયા હતા. આ અંગે બંને સામે ધાનેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ધાનેરા પીઆઈ એ. ટી. પટેલે ટીમ સાથે હિંમતભાઈ મોચીને ઝડપી લીધો હતો. જેની પાસેથી રકમ રિકવર કરી હતી.

ડીસાના ત્રણ મિત્રોની મલાણા ચોકડી પાસે ગાડી ડિવાઈડર સાથે અથડાતા એકનું મોત



ડીસા, તા. ૩૦

ડીસા મોહમદપુરા ગવાડી વિસ્તારમાં રહેતા ત્રણ મિત્રોનો ગત રાત્રે માલણા ચોકડી પાસે ગાડી ડિવાઈડર સાઠે અથડાતા એક નું મોત નિપજવા પામ્યું હતું જ્યારે બે ને પાલનપુર સિવિલ માંસારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ ડીસા મોહમદપુરા ગવાડી વિસ્તારમાં રહેતા કુરેશી સમીર અનવરભાઈ (૩૩૩) તથા આદિલ અબુલહક્ક કુરેશી તથા મોહમદઅલી બિલાલભાઈ પવાર ગત રાત્રી ના સમારે ડીસા થી હોન્ડા સીટી ગાડી ન જી જે ૦૮- સી એમ ૦૨૧૧ લઈને માવલ સબધી ને ત્યાં ગયા હતા ત્યાંથી પરત ફરતા રાત્રી ના ૧૧/૩૦ વાગ્યા ના સુમારે માલણા ચોકડી પાસે આદિલે સ્ટેરીગ પર નો કાબુ ગુમાવતા ગાડી ડિવાઈડર સાથે અથડાવતા ગાડી માં સવાર સમીર કુરેશી ને માથા ના ભાગે ગમભીર ઈજાઓ થતા ઘટના સ્થળે મોત નિપજવા પામ્યું હતું જ્યારે આદિલ કુરેશી માથા ના ભાગે તથા મોહમદ અલી ને શરીર ના ભાગે ઈજાઓ થતા ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતાં કોર્પોરેટર તથા મૃતક ના ભાઈ અસનાઝ હુસેન કુરેશી તાત્કાલિક પાલનપુર સિવિલ માં પહોંચી ગયા હતા મૃતક સમીર ના દોઢ વર્ષ અગાઉ જ લગ્ન થયેલ ચાર માસ ની દીકરી અને પત્ની ના કલ્પાંત થી ઘર માં રોકકળ મચી ગઈ હતી.

મૃતક ના ભાઈ અસનાઝ હુસેન કુરેશી એ ચાલક સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધો તપાસ હાથ ધરી હતી સમીર કુરેશી નો જનાઝો ઝોહર બાદ ડીસા ગવાડી માં નીકળતા મોટી સંખ્યામાં મુસ્લિમ.બિરાદરો જોડાઈ ને ખીરાજે અકીદત પેશ કરી હતી.

અકસ્માતમાં ભિલોડાના આંબાબારના જવાનનું મોત

પ્રાંતિજના ચંચળબાનગર પાસે અજાણ્યા વાહનની ટક્કરથી આર્મી જવાનનું મોત

અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી પોતાનુ વાહન લઇ ભાગી ગયો : પતિ-પત્ની એકટીવા ઉપર અમદાવાદ જઈ રહ્યા હતા : પતિ-પત્નીને ઇજાઓ પોહચતા પ્રાંતિજ, હિંમતનગર અને અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા : ઈજાગ્રસ્ત આર્મી જવાનનું અમદાવાદ સારવાર દરમ્યાન મોત

પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ચંચળબાનગર રેલવે બ્રીજ પાસે અજાણ્યા વાહન ની ટક્કર થી એકટીવા ઉપર જઇ રહેલ ભિલોડા ના આંબાબાર ના આર્મી જવાન નુ સારવાર દરમ્યાન મોત પત્નીને પણ જીવલેણ ઈજાઓ પહોંચી અજાણ્યાં વાહન ચાલક અકસ્માત સર્જી ને પોતાનુ વાહન લઇ ભાગી ગયો હતો

પ્રાંતિજના ચંચળબાનગર નગર પાસે આવેલ રેલ્વે ઓવરબ્રીજ પાસે એકટીવા ઉપર જઇ રહેલ અરવલ્લી જિલ્લા ના ભિલોડાના આંબાબાર ના પતિ-પત્નીને અકસ્માત નડ્યો કોઈ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન ફુલફાસ્ટ હંકારી લાવી ને એકટીવા ઉપર જઈ રહેલ આર્મી જવાન નરેન્દ્ર કુમાર મગનભાઈ ગાંઠીયા તથા તેમના પત્ની સીતાબેન કે જેવો અમદાવાદ કાલુપુર ખાતે રેલ્વે પોલીસ મા ફરજ બજાવે છે પતિ પત્ની અમદાવાદ ખાતે જઈ રહ્યા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી બન્ને ને જીવલેણ ઈજાઓ પોહચાડી હતી જેમા પતિ- પત્ની જીવલેણ ઈજાઓ પહોચતા પહેલા પ્રાંતિજ-હિંમતનગર અને ત્યાર બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે ખસેડવામા આવ્યા હતા જયા સિવિલ મા સારવાર દરમ્યાન આર્મી જવાન નરેન્દ્ર કુમાર ગાંઠીયા નુ મોત નિપજયુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મૃતક ના નાનાભાઇ જગદીશ કુમાર કાવજીભાઇ ગાંઠીયા રહે આંબાબાર, ભિલોડા જિ.અરવલ્લી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોધાવતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૨૭૯,૩૩૭,૩૦૪ એ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

તલોદ હરસોલા વણિક સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

તલોદ, તા. ૩૦

તલોદ હરસોલા વણિક સમાજ દ્વારા આજરોજ સમાજ ના અગ્રણી જીતુભાઈ શાહ ના પ્રમુખ સ્થાને તથા પ્રવીણ ભાઇ શાહ ના મુખ્ય મહેમાન પદે સ્નેહ મિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શ્રીનાથજી હવેલી ટ્રસ્ટ ના પ્રમુખ કિરીટ ભાઈ શાહ, ટ્રસ્ટી હર્ષદભાઈ શાહ મહેશ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે ચી રિયા શાહ તથા શ્રેયા હિરેન શાહ દ્વારા સુંદર ડાન્સ કરવામાં આવ્યો હતો ત્યારબાદ સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું અંત માં સૌ ઉપસ્થિત સમાજનાં જ્ઞાતિજનો ભોજન લઇ વિખૂટા પડ્યા હતા અંત માં આભારવિધિ પ્રવીણભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી